ગાંધીનગર સમાચાર

પાટીદાર યુવાનો દ્વારા લોલીલોપનું વિતરણ

# ગટર સફાઈ માટે સુપર-શકર મશીન ખરીદવાની દરખાસ્ત અભરાઈએ

ગાંધીનગર તા ૨૬

શહેરના સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાવવાની વ્યાપક ફરિયાદો ઉદભવે છે. ત્યારે તંત્ર પાસે ગટર લાઈનની સફાઈ માટે પુરતો મેન પાવર તેમજ મશીનરી ઉપલબ્ધ ન હોવાથી ગટર લાઈનની ફરિયાદો દુર કરવાનુ શિરદર્દ સમાન બન્યુ છે. બીજીતરફ અમદાવાદની જેમ સુપર શકર મશીન લાવવાની દરખાસ્તને પણ મંજુરી ન અપાતા માત્ર બે જેટીંગ મશીનના આધારે આ કામગીરી કરવાનુ અત્યંત મુશ્કેલ અને જોખમી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગર શહેરમાં ગટર લાઈનને અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. દાયકાઓ પુર્વે નિર્માણ કરાયેલી ગટર લાઈનને નગરની વસતી અને વિકાસને ધ્યાને રાખી અપગ્રેડ કરવાનુ અનિવાર્ય બન્યુ છે. નિર્મળ નગરની વાતો વચ્ચે પણ સેકટરોમાં છાશવારે ગટરના દુષિત પાણી ઉભરાતા નજરે પડે છે. આવા સંજોગોમાં તંત્ર પાસે ગટર સફાઈના મામલે પુરતો મેન પાવર પણ નથી જયારે જરૂરી મશીનરી પણ ન હોવાથી ગટરોની ફરિયાદોનો સમયસર અને અસરકારક રીતે નિકાલ લાવી શકાતો નથી. પાટનગર યોજના વિભાગના ગટર વિભાગ પાસે હાલ માત્ર બે જેટીંગ મશીન છે. જયારે મેન પાવર પણ નથી જેના પરિણામે સેકટરોમાં ગટર લાઈનની ફરિયાદોનુ સમયસર અને ઝડપી નિરાકરણ આવી શકતુ નથી.

**મેન પાવર તેમજ પર્યાપ્ત મશીનરીના અભાવે ગટર સફાઈનુ કામ તંત્ર માટે શિરદર્દ સમાન**

તંત્ર દ્વારા ગટર લાઈનની ફરિયાદોના નિરાકરણ માટે અગાઉ સુપર શકર મશીન લાવવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ દોઢ વર્ષના લાંબા સમયના અંતે પણ દરખાસ્તને મંજુરી ન અપાતા શહેરમાં ગટર સફાઈના મામલે કોઈ નક્કર વ્યવસ્થા ગોઠવાઈ નથી. જેના પરિણામે તંત્ર માટે પણ ગટરરોની ફરિયાદોનુ નિરાકરણ લાવવાનુ મુશ્કેલ બન્યુ છે. સેકટરોમાં આમ નાગરિકોની ફરિયાદોના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે સુપર શકર મશીનની દરખાસ્તને મંજુરી આપવામાં આવે તે અનિવાર્ય બન્યુ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

વિશિષ્ટ ચિત્ર સ્પર્ધા - માનસિક વિશિષ્ટ બાળકો માટે યોજાયેલી વિશિષ્ટ પ્રકારની ચિત્ર સ્પર્ધામાં રાજ્યભરમાં ૨ ૩૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. ગાંધીનગરની પાંચ સંસ્થાઓના બાળકોએ ભાગ લઈ ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.... સોસાયટી ફોર ધ વર્લ્ડ વેલફેર ઓફ મેન્ટલી રિટાયર્ડ સંસ્થા, અંધજન મંડળ તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધાએ પણ લીમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન લીધું હતું... ગાંધીનગરની 'ગ્રો' સંસ્થા અને 'ઈન્ડીયન રેડક્રોસ' ગાંધીનગર દ્વારા સમગ્ર કાર્યક્રમના સ્પર્ધકો માટે ફર્સ્ટ એઈડ સેવા પુરી પાડી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

કુકીંગ સ્પર્ધા - કડી સર્વ વિદ્યાલય સંચાલિત એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે એક કુકુંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રસોઈ સ્પર્ધામાં શાળાની શિક્ષિકા બહેનોએ સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો. છેલ્લા ૪ વર્ષથી આઈ.આઈ.એચ.એમ.ના સહયોગથી આ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

# વન વિભાગના વાંકે સ્ટ્રીટ લાઈટ પાછળ ખર્ચાતા લાખો રૂપિયા પર પાણીઢોળ

ગાંધીનગર, તા ૨૬

શહેરમાં વન વિભાગની બેદરકારીના લીધે આમ નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે તેવી સ્થિતિ છે. વરસાદી દિવસોમાં નગરમાં નમી પડેલા વૃક્ષો માથે ખતરાની જેમ જળુંબી રહયા છે. ત્યારે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સને વીંટળાયેલી વૃક્ષોની ડાળીઓના લીધે આંતરિક માર્ગો પર અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે.વન વિભાગના વાંકે સ્ટ્રીટ લાઈટના વીજ બીલ પાછળ ખર્ચાતા લાખો રૂપિયાનુ પાણી થાય છે.આમછતા વન તંત્રને વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં કોઈ રસ નથી.

ગાંધીનગરમાં વન વિભાગની કામગીરીમાં દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ચોમાસા દરમિયાન ભયજનક વૃક્ષો દુર કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડેલા તંત્રના લીધે નગરજનો માટે ડગલે ને પગલે ભયજનક સ્થિતિ સર્જાઈ છે. જ્યારે વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી પણ સમયસર ન થતા નાગરિકો માટે દિશા સુચક બોર્ડ અને સ્ટ્રીટલાઈટ

**સેકટરોના આંતરિક માર્ગ પર સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને વૃક્ષોની ડાળીઓ લપેટાઈ જતા અંધારપટ્ટ : સેકટરોમાં લાઈટો ચાલુ છતા અજવાળુ પથરાતુ નથી**

તદન બિન ઉપયોગી પુરવાર થયા હોવાનુ સ્પષ્ટ થયુ છે. ગાંધીનગરને વધુ હરિયાળુ બનાવવાની વાતો પોકળ પુરવાર થઈ છે. ત્યારે વૃક્ષોની જાળવણી અને જતન કરવાના મામલે પણ તંત્રકક્ષાએથી કોઈ અસરકારક પગલા લેવાતા નથી. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ આ જ સ્થિતિ છે. સેકટર- ૩ માં નજર નાંખો ત્યાં વૃક્ષોની ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને વિંટળાયેલી જોવા મળે છે. જેના પરિણામે રાત્રિના સમયે પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ચાલુ હોવા છતા માર્ગો પર અજવાળુ પથરાતુ નથી. સ્ટ્રીટ લાઈટના વિજ બીલ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ વન વિભાગના વાંકે લાખો રૂપિયાના વીજ બીલની ચુકવણી બાદ પણ સ્થાનિક નાગરિકોને સુવિધા મળતી નથી. નવા સેકટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટના પોલ્સ અજવાળુ ન આપતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના પરિણામે મહીલાઓ તેમજ સિનિયર સિટિઝન્સમાં ભયની લાગણી વ્યાપી છે. ટુંક સમયમાં જ વૃક્ષોના ટ્રીમીંગનુ કામ હાથ નહી ધરવામાં આવે તો સ્થાનિક નાગિરકોનો આક્રોશ ચરમસીમાએ પહોંચશે.

# સે-૨૬ ગટર લાઈનના ઢાંકણ પર જ સી. સી. રોડ બનાવી દેવાયો

ગાંધીનગર, તા ૨૬

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવવાની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. ત્યારે સે-૨૬ માં ગટર લાઈન પર સી સી રોડ બનાવી દેવાતા તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. સેકટરના કીસાનનગર વિસ્તારમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો ઉભી થઈ છે. ત્યારે ગટર લાઈનના ઉપર જ સી સી રોડ બનાવી દેવાતા તંત્ર માટે આ સમસ્યા નિવારવાનુ કામ મુશ્કેલ બન્યુ છે.

ગાંધીનગરમાં સરકાર અને વહીવટી તંત્રની નજર સામે જ નજર નાંખો ત્યાં વિકરાળ સમસ્યાઓ દ્રષ્ટિગોચર થાય છે. એકબાજુ વિકાસના નવા આયામો સાથે નગરને હાઈટેક બનાવવાના પ્રોજેકટો તરફ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. ત્યારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ હજુ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાઈ નથી ત્યારે શહેરના સેકટરોમાં પણ એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ ઉદભવી છે. શહેરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાવવાની સમસ્યાએ ભરડો લીધો છે. ત્યારે સાધન સામગ્રી અને મેન પાવરના અભાવ વચ્ચે કામ કામ કરતા તંત્ર સમક્ષ નવી સમસ્યાઓ ઉદભવતા ગટર લાઈનની સમસ્યા વધુ જટીલ બની છે. સે-૨૬ ના કિસાનનગરમાં છેલ્લા ઘણાં સમયથી ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની વ્યાપક ફરિયાદો કકળાટનુ કારણ બની છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા માર્ગ નિર્માણની કામગીરીમાં પણ અણઘડતા દાખવવામાં આવી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ગટર લાઈનના ઢાંકણ ઉપર જ રસ્તાઓનુ નિર્માણ કરી દેવાતા તંત્ર માટે કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે.

**ગટરોની ફરિયાદોનુ નિરાકરણ કરવાનુ તંત્ર માટે મુશ્કેલ**


## હાર્દિક અભિનંદન

આપની કેનેડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજીમાંથી મેડીકલ ઓફીસ એડમીનીસ્ટ્રેશનની પદવી મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ સહ...



**શ્રીમતી ઈલાબેન પ્રકાશભાઈ જોષી**

- શુભેચ્છક -

વ્યાસ પરિવાર | મીનાક્ષી ટ્રેડર્સ
લાયન્સ-લાયોનેસ-લીઓ | સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ
વસુંધરા - કેનેડા | વસુંધરા ઈન્ટરનેશનલ
વસાહત મંડળ, ગાંધીનગર | સર્વે હિતેચ્છુઓ


# શહેરના નાગરિકોને માથે ઝંબુળતો નમી પડેલા વીજપોલનો ખતરો

ગાંધીનગર, તા.૨૬

સમગ્ર રાજયમાં બે મહિના અગાઉ આવેલા ઝંઝાવાતી વરસાદને પગલે ઠેર ઠેર વૃક્ષો અને વીજપોલ ધરાશાયી થઈ ગયા હતા. જેને પગલે રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ અતિશય વૃક્ષો તેમજ વીજપોલ ભોંય ભેગા થઈ ગયા હતા.



(તસવીર : નિકેશ બારોટ)

વન વિભાગના તંત્ર દ્વારા શહેરમાં નમી ગયેલા વૃક્ષો ઉઠાવી લેવાની કામગીરી કરવામાં આવી છે. પરંતુ ટોરેન્ટ પાવર દ્વારા નમી ગયેલા તેમજ નીચે પડેલા વીજપોલને ઉભા કરવાની તસ્દી સુધ્ધાં લેવામાં આવી નથી. જીવતા વીજપોલ દ્વારા કોઈ અકસ્માત સર્જાશે તો જવાબદારી કોની? નમી ગયેલા વિજ પોલ પાસેથી પસાર થતાં લોકોના માથે ખતરો ઝુંબળી રહ્યો છે. ટોરેન્ટ પાવર દ્વારા ઘણો સમય થયો હોવા છતાં પણ થાંભલા ઉભા ન કરાતા ટોરેન્ટ પાવરની ગંભીર ભૂલ ગણવી કે ક્ષતિ? ગાંધીનગર શહેરના જુના સચિવાલય તરફ જવાના માર્ગ પર વરસાદના સમયથી થાંભલો નમી ગયેલો છે. નગરમાં નમી ગયેલા થાંભલાના દશ્ય તો શહેરમાં ઘણા હશે પરંતુ નઘરોળ તંત્રને આની કોઈ પરવા નથી.

**નમી પડેલા વીજ પોલને સીધા કરવાનો વીજ કંપની પાસે ટાઈમ નથી**

નમી ગયેલા થાંભલા કોઈની ઉપર પડે અથવા કોઈ વ્યકિત ચડી જાય તો મોટો અકસ્માત સર્જાય તેવી સ્થિતિ છે. આ વિસ્તારમાં ઘણા બધા શ્રમિક પરિવારો રહે છે. તેમના બાળકો પણ અહીં રમતા હોય છે. ટોરેન્ટ પાવરના તંત્ર દ્વારા શહેરમાં નમી પડેલા વીજ પોલીસને જલ્દી ઉભા કરી રોશનીથી ઝળહળતા કરવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

# પાટીદાર યુવાનો દ્વારા લોલીલોપનું વિતરણ

ગાંધીનગર, તા.૨૬

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ બિન અનામત આર્થિક પેકેજ યુવા સ્વાવલંબન યોજનાને લોલીપોપ સમાન ગણાવીને પાટીદાર યુવાનો દ્વારા લોલીપોપનું વિતરણ કરીને ઠેર ઠેર વિરોધ પ્રદર્શીત કરવામાં આવી રહ્યો છે.

રાજયમાં પાટીદાર સમાજ દ્વારા અનામતની માંગ સાથે શરૂ કરેલા આંદોલનને ઠારવા રાજય સરકારે બિન અનામત આર્થિક પેકેજ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના જાહેર કરી છે.

જો કે સરકારે જાહેર કરેલ આ યોજનાને આંદોલન કરી રહેલ પાટીદાર સમાજના યુવાનોએ લોલીપોપ સમાન ગણાવીને વિવિધ શહેરોમાં લોલીપોપ લોકોને આપીને સરકારની યોજના સામે પોતાનો વિરોધ દર્શાવી રહ્યા છે.

સરકારે પેકેજ જાહેર કરવા છતાં પાટીદાર યુવાનો દ્વારા વિરોધ થાળી વગાડીને વિરોધ કરતાં પંચાયત મંત્રીએ કાર્યક્રમ સ્થળ છોડીને ભાગવું પડયું હતું.



ચાલુ રહેતા રાજય સરકાર અને ભાજપ પક્ષ પણ ચિંતામાં મુકાયો છે.

ગઈ કાલે વઢવાણ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં પાટીદાર સમાજની મહિલાઓએ પણ વેલણ

પાટીદાર સમાજના યુવાનો દ્વારા સરકારે જાહેર કરેલા પેકેજનો વિરોધ શરુ કરવામાં આવ્યો છે અને પોતાની માંગણી ચાલુ રાખવામાં આવી છે.


ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com